શ્રીસ્વામિનારાયણો વિજયતે

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે પ્રકાશિત
યુવકોના કંઠે ગવાયેલાં તેમનાં નૂતન ભજનોનું ઓડિયો આલ્બમ

# મંગલાચરણ

જેણે જાત ઘસી સદાય વિચરી, કીધું ભલું વિશ્વનું
જેણે મંદિર સંત શાસ્ત્ર રચીને, કલ્યાણ સૌનું કર્યું;
જેણે રાજ કર્યું દિલે સકલના, શોભે ગુણો સંતના,
ભાવે જન્મશતાબ્દીએ પ્રમુખજી, ગાઈ કરું વંદના.

કવિઃ સાધુ મધુરવદનદાસ

ગાયકોઃ જૈમિન વૈદ્ય, મિહિર પીઠડિયા, જુકેત પટેલ, અમેય દાતે,
જયદીપ સ્વાદિયા

# પ્રમુખસ્વામી મહારાજ, તમોને વંદન વારંવાર

પ્રમુખસ્વામી મહારાજ, તમોને વંદન વારંવાર,
અખંડ હરિના ધારક ગુરુવર, મોક્ષ તણા દાતાર. પ્રમુખસ્વામી. ધ્રુવ.
વંદન વારંવાર તમોને વંદન વારંવાર... વંદન વંદન વંદન વંદન

પંચવ્રતે શૂરા પૂરા ને, સાધુતાના સુમેરુ,
ક્ષમાવાન નિર્મત્સર મૂર્તિ, જીવમાત્રના ભેરુ,
સદ્‌ગુણસાગર, સ્વામી સમરથ, બ્રહ્મ તમે સાકાર. અખંડ હરિના. ૧

મંદિર સંતો શાસ્ત્રો રચિયાં, અદ્‌ભુત અચરજકારી,
વિચર્યા ધરતી ખૂણે ખૂણે, તનની સૂધ વિસારી,
સૌમાં શ્રદ્‌ધા-ભક્તિ સીંચી, સુખિયા કરવા અપાર. અખંડ હરિના. ૨

ગુરુમરજીમાં જીવ્યા પલ પલ, લેશ ન બીજો વિચાર,
પરાભક્તિ કરો શ્વાસોચ્છ્‌વાસે, ધારી ઉર કિરતાર,
પરમ એકાંતિક, પરમ આદર્શ, સકલ શાસ્ત્રના સાર. અખંડ હરિના. ૩

દેહ તજ્યો પણ જીવો હજુય, સૌનાં હૃદયો માંહી,
પ્રગટ છો પૂરણ મહંતજીમાં, રોમભેદ પણ નાહીં,
પદ પદ સાથે રહેજો સ્વામી, કરવાને ભવપાર. અખંડ હરિના. ૪

કવિઃ સાધુ બ્રહ્મવત્સલદાસ
ગાયકોઃ ચિંતન રાણા, સોમનાથ મિત્રા

# પ્રમુખસ્વામીનું હેત અપાર

પ્રમુખસ્વામીનું હેત અપાર, મારા જીવનો ઘાટ ઘડનાર,

મુજ જીવને અક્ષર કરનાર.

હેતે વાવ્યું'તું જીવનનું બીજ, એને સોળે કળાએ ખીલવનાર,

એને અક્ષર બનાવી દેનાર. પ્રમુખસ્વામીનું. ટેક

હેતલ ધરણીએ દીધો દૃઢ આશરો, ઉરના ધાવણે બીજ પોષ્યું,

વિષયના વાયરે અથડાતા બીજને, ધર્મના મૂળિયે બંધાવ્યું,

મુજ જીવને સ્થિર કરનાર, વૈરાગી રંગે રંગનાર. પ્રમુખસ્વામીનું. ૧

હેતલ વર્ષાએ ભક્તિનાં ફૂલ ખીલ્યાં, લીલોછમ આનંદ લહેરાયે,

હેતલ સૂરજે ઉષ્માથી પકવ્યાં, જ્ઞાનરસ ફળે ઊભરાયે,

મુજ જીવન કૃતારથ કરનાર, તુજ હેત જ અમારો આધાર. પ્રમુખ. ૨

કવિઃ સાધુ જ્ઞાનેશ્વરદાસ

ગાયકોઃ જૈમિન વૈદ્ય, ધવલ કઠવાડિયા

# એક ટાંકણું ખમ્યો ને મને ચહેરો મળ્યો

એક ટાંકણું ખમ્યો ને મને ચહેરો મળ્યો,
પ્રમુખસ્વામી મળ્યા ને મારો ફેરો ફળ્યો. એક ટાંકણું. ધ્રુવ

કેટલાય પથ્થર ખાણોમાં અટવાતા, શિલ્પીને મનડામાં કોઈક જ ભાવતા;
કેવડાં તે પુણ્યે એ મારા પર સ્વામીનો,
આમ જ અચાનક હાથ પડ્યો! એક ટાંકણું. ૧

કાળમીંઢ છાતી પર વાવ્યાં મેં શમણાં, ટચકે ટચકે મારી ભાંગી'તી ભ્રમણા;
વિષયોની ખીણ મહીં ઠેબે ચડતો તેને,
કંઠ મહીં ફૂલોનો હાર ચડ્યો. એક ટાંકણું. ૨

પ્રેમ તણા ટાંકણાનો ઘાવ મધમીઠો, ને વાગ્યો જણાય નહીં એવો અદીઠો;
દોષોની કાંકરીઓ ક્યારે ઊડી એનો,
બુદ્ધિને ક્યારે ના તાગ જડ્યો. એક ટાંકણું. ૩

કવિઃ સાધુ મધુરવદનદાસ
ગાયકઃ જુકેત પટેલ

# વિચર્યા અપરંપાર

વિચર્યા અપરંપાર, અમોને કરવા સુખિયા અપાર,
પ્રમુખજી નહીં ભૂલીએ ઉપકાર,
તમારા નહીં ભૂલીએ ઉપકાર. વિચર્યા. ધ્રુવ

ઘૂમ્યા અહોનિશ ગામે ગામે, જોયું ન ઋતુઓ સુવિધા સામે,
હરિ રીઝવવા અમ દુઃખ હરવા,
લઈ મન દૃઢ નિરધાર. પ્રમુખજી. ૧

રાજીપે નિજ તન-મન તોડી, રોગો સામે જંગ જ છેડી,
પૂર્યા સૌના સર્વે મનોરથ,
વેઠી કષ્ટ અપાર. પ્રમુખજી. ૨

ધર્મ-ભક્તિનું અમૃત સીંચી, પ્રગટાવ્યા અમ હૃદિયે શ્રીજી,
અક્ષરસુખ દેનાર, તમોને
વંદન વારમવાર. પ્રમુખજી. ૩

કવિઃ સાધુ બ્રહ્મવત્સલદાસ

ગાયકોઃ જૈમિન વૈદ્ય, નીરવ વૈદ્ય

# રહી તો જુઓ તમે

રહી તો જુઓ તમે રહી તો જુઓ, પ્રમુખસ્વામીના ગમતામાં રહી તો જુઓ;
થઈ તો જુઓ તમે થઈ તો જુઓ, પ્રમુખસ્વામીના એકવાર થઈ તો જુઓ. રહી તો. ધ્રુવ

જાતને ઘસીને આ દુનિયાને રીઝવતાં, પામ્યા બસ રાખનાં પડીકાં,
કો'કના થવામાં તો ખુદનુંય ખોયું ને શમણાંના રંગ ઠર્યા ફીકા;
ભવભવથી મનનું જ ગમતું કર્યું, હવે સ્વામી કહે એમ કરી તો જુઓ. રહી તો જુઓ. ૧

જેવું છે મનમાં, તેવું વચનમાં, વર્તનમાંય નહીં જુદા,
નહિ કોઈ સ્વારથ, કેવળ પરમારથ, ક્યાંથી મળે એ સાધુતા?!
પ્રમુખસ્વામીને તમે પરખી જુઓ, મુક્તિના દાતાને નિરખી જુઓ;
પરખી નિરખી હરખી જુઓ. રહી તો જુઓ. ૨

ઝાઝું ના ફાવે તો એને જ જોઈને, આંખ મીંચી જાવું વર્તી,
એના જે એકવાર થઈને રહ્યા તે તો, સુખે ગયા જગ જીતી;
જન્મોજનમ તમે કેટલુંય હાર્યા, હવે આટલો જ દાવ તમે રમી તો જુઓ. રહી તો. ૩

કવિઃ સાધુ મધુરવદનદાસ
ગાયકઃ પ્રગાધ ગોકાણી

# આજ કળિયુગમાં સાચા સાધુને પામ્યો

આજ કળિયુગમાં સાચા સાધુને પામ્યો,
આજ કળિયુગમાં પ્રમુખસ્વામીને પામ્યો,
જાણે પાનખરે ફૂલોનો મેળો જામ્યો. આજ કળિયુગમાં સાચા. ધ્રુવ

ઓસરતી ભક્તિના ટમટમતા દીવડા,
માયાના અંધારે અટવાતા જીવડા,
વાસનાના રંગોની હોળીમાં શ્રીજીની, ભક્તિનો કેસૂડો જામ્યો.
આજ કળિયુગમાં. ૧

ભવમાં બાંધે એવાં બંધન શું કામનાં,
પળમાં છૂટે એ તો સગપણ છે નામનાં,
મુક્તિના પગથારે કાયમના સથવારે, સ્વામીએ હાથ મારો થામ્યો.
આજ કળિયુગમાં. ૨

ગોતે સૌ નભમાં ધરતી ને ચહુદિશમાં,
ભેટ્યા ભગવંત મને પ્રમુખજીના વેશમાં,
ધન્યતાના સાગરમાં ઝબકોળી આતમનો, ભવભવનો રોગ આજ વામ્યો.
આજ કળિયુગમાં. ૩

કવિઃ સાધુ કેશવકીર્તનદાસ

ગાયકઃ અમેય દાતે

# પ્રમુખજીના બાગનું હું ફૂલ છું

પ્રમુખજીના બાગનું હું ફૂલ છું,
ખુદને મળી ખુશ્બૂ મહીં મશગૂલ છું. ધ્રુવ

આ રંગ કોમળતા અને ખુશ્બૂ જુઓ,
માળી તણા એ પ્રેમથી જ પ્રફુલ્લ છું. ૧

ખીલવું ખરવું જ શું બસ જિંદગી?
ગુરુ-કંઠ આરોપાઉં તો જ અમૂલ છું. ૨

ભ્રમર કંઈ કેટલા ગુંજે મુજ પરે,
આ ચમનને છોડતાં બસ ધૂલ છું. ૩

મુજ સમાં કંઈ કેટલાય ખીલ્યાં અહીં,
સૌ સાથ હાર ગૂંથાઉં તો હું અતુલ છું. ૪

એક વાક્યે દઉં પરિચય માહરો?
પ્રમુખજીના બાગનું હું ફૂલ છું. ૫

કવિઃ સાધુ મધુરવદનદાસ

ગાયકઃ જયદીપ સ્વાદિયા

# એવા મૂર્તિના જાદુ મેં જોયા

એવા મૂર્તિના જાદુ મેં જોયા,
કે મનડાં પ્રમુખસ્વામીમાં મોહ્યાં. ટેક

આંખો કરુણાનો સાગર છલકાવતી
એની નજરુમાં દુ:ખડાં મેં ખોયાં. એવા મૂર્તિના...
 કે ભગવે ભગવંત મેં તો જોયા. ૧

વાણી તો મીઠપનાં ઝરણાં સમ વહેતી
એમાં અંતરના મેલ બધા ધોયા. ૨

મારા હૈયાની લાગણીય સાંભળે
બે કર્ણોએ ચિત્ત મારાં ચોર્યાં. એવા મૂર્તિના...
 કે ભગવે ભગવંત મેં તો જોયા. ૩

હેતલ બે હાથ મારે કાયમનો સાથ
જેણે પ્રેમે શું આંસુડાં લોયાં. ૪

નમું ચરણોમાં નિત્ય નિત્ય લળી લળી
જેનાં પગલે પરમેશ્વરને ખોળ્યા. ૫

નાચું આનંદે પ્રમુખજી જોયા
કે આજ મહંતસ્વામીમાં જોયા. ૬

કવિઃ સાધુ કેશવકીર્તનદાસ

ગાયકોઃ રોહન ત્રિવેદી, જયદીપ સ્વાદિયા

# નજરમાં તમારી નજર લઈ ફરું છું

નજરમાં તમારી નજર લઈ ફરું છું,
હૃદયમાં તમારી અસર લઈ ફરું છું. નજરમાં. ધ્રુવ

તમે મળ્યા પ્રમુખજી, હવે હું શું બોલું?!
હોઠ પર તમારી ખબર લઈ ફરું છું. નજરમાં. ૧

કૃપાથી તમારી મુલાકાત થઈ ગઈ,
હવે હર પળ અવસર લઈ ફરું છું. નજરમાં. ૨

યાદ જો તમારી, યાદથી વધે તો,
ચહેરા પર આંસુની સફર લઈ ફરું છું. નજરમાં. ૩

કવિઃ શ્રીમૂકેશ થાનકી
ગાયકઃ મિહિર પીઠડિયા

# સોનાનાં ફૂલડે વધાવો રે વાલમને

સોનાનાં ફૂલડે વધાવો રે વાલમને, અવસર આવ્યો રૂડો આંગણે

લાખેણાં મોતીડે વધાવો પ્રમુખસ્વામીને, અવસર આવ્યો રૂડો આંગણે... ધ્રુવ૦

ધન્ય છે ધરતી ચાણસદ ગામની, પ્રગટ્યા જ્યાં શ્રીપ્રમુખરાજ,

અક્ષરપુરુષોત્તમના ડંકા વગાડ્યા, ગુરુહરિએ ત્રિભુવનમાં આજ;

ગુંજે સ્વામિનારાયણ નામ, રેલ્યો આનંદ આઠો જામ રે. અવસર આવ્યો. ૧

સહજાનંદી સાધુતાથી સોહે જગમાં ગુણિયલ સંત,

જીવન જીવ્યા પરને કાજે, સૌને અર્પ્યા શ્રીભગવંત;

એ તો વિચર્યા હતા ગામો ગામ, સુખ દીધું હરિનું ઠામોઠામ;

ઋણી છીએ સૌ ભક્તો તમામ રે. અવસર આવ્યો. ૨

કવિઃ સાધુ અક્ષરજીવનદાસ

ગાયકઃ જયદીપ સ્વાદિયા

# પ્રમુખસ્વામીજી ઋણ તમારાં

પ્રમુખસ્વામીજી ઋણ તમારાં, અમ પર અનંત અપરંપાર,
જનમોજનમ જો અર્પણ કરીએ તોય, નહિ ચૂકવાશે લગાર. પ્રમુખસ્વામીજી. ધ્રુવ

આવ્યા તમે અમ કાજ ધરા પર, ના જોયા અમ દોષ લગાર,
કરુણા કરી નિજ ખોળે લૈને, વરસ્યા વા'લપ અનરાધાર. પ્રમુખસ્વામીજી. ૧

આપે તો નિજ દેહ નિચોવી, લીધી અમારી પળ પળ સાર,
તન-મનનાં અમ દુઃખો વામી, છલકાવ્યાં સુખ-શાંતિ અપાર. પ્રમુખસ્વામીજી. ૨

પથ્થર સમ અમને ગુરુ આપે, દીધો મૂરતનો આકાર,
શ્રદ્‌ધા સદ્‌ગુણ રગ રગ સીંચી, પ્રગટાવ્યા અમ ઉર કિરતાર. પ્રમુખસ્વામીજી. ૩

મોક્ષ તણા દઈ કોલ અમોને, કીધા કૃતારથ ને ભવપાર,
ઋણી રહીશું સદા જીવીશું, આપને કાજે તારણહાર. પ્રમુખસ્વામીજી. ૪

કવિઃ સાધુ બ્રહ્મવત્સલદાસ

ગાયકઃ જયદીપ સ્વાદિયા